ગાંધીનગર સમાચાર

# સેક્ટર-૧૭ના વિવેકાનંદ સંસ્કાર તપોવનમાં વિદ્યાર્થીઓ દ્વારા નવરાત્રિ મહોત્સવનું સંચાલન

ગાંધીનગર, તા.૧૪

નવલી નવરાત્રિનો મહોલ ચોતરફ છવાઈ ગયો છે. ગાંધીનગરના સે-૧૭માં વિવકાનંદ સંસ્કાર તપોવન ખાતે પણ વિદ્યાર્થીઓ માટે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર તપોવનના વિદ્યાર્થીઓ દ્વારા આ નવરાત્રિ મહોત્સવને ધાર્મિક પરિપૂર્ણતા સાથે શિસ્ત, સભ્યતા, સંસ્કૃતિ અને સંસ્કાર વણી અનોખી ઢબે ઉજવવામાં આવે છે. આ સાથે બાળકોએ ખુબ જ સુંદર 'ગબ્બર' બનાવી તેમના ભકિત અને સર્જનાત્મકતા કૌશલ્યના દર્શન પણ કરાવ્યા છે.




વિવેકાનંદ સંસ્કાર તપોવન ખાતે આયોજિત નવરાત્રિ મહોત્સવ પૂરા નવ દિવસ સુધી ઉજવાય છે. અને તમામ વ્યવસ્થા માટે વિદ્યાર્થીઓની વિવિધ સમિતિઓ બનાવવામાં આવી છે. આ સમિતિઓમાં વ્યવસ્થાપન સમિતિ, વાદ્ય વ્યવસ્થા સમિતિ, સ્વચ્છતા વ્યવસ્થા સમિતિ, પૂજા અર્ચના વ્યવસ્થા સમિતિ, ડેકોરેશન સમિતિ તથા ઈલેકટ્રીક વ્યવસ્થા સમિતિનો સમાવેશ થાય છે. આ સમિતિઓ નવરાત્રિ મહોત્સવ સમિતિની દેખરેખ હેઠળ કાર્ય કરે છે અને ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવે છે. નવરાત્રિ મહોત્સવ સમિતિમાં પ્રમુખપદે ઈતર પ્રવૃત્તિના ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલ, મંત્રી પદે ધો-૧૦ના હર્ષ રાજગોર તથા ખજાનચી પદે ધો-૧૦ના કૃતાર્થ પટેલની નિમણુંક કરાઈ છે. આ સમિતિને મેનેજીંગ ટ્રસ્ટી રાજુભાઈ પટેલ, મુખ્ય વ્યવસ્થાપક સુરેશભાઈ પટેલ તથા ઉત્સાહી સાથી ગણ સુનિલ પટેલ, અલ્પાબેન ચૌહાણ તથા હેતલબેન પંડયા સહિત તમામ વિદ્યાર્થીઓ અને વાલીગણનો પણ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. નવરાત્રિ મહોત્સવમાં રોજ રાત્રે આરતી પૂજા તથા રાસ ગરબા યોજવામાં આવી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર પોલીસનું ગૌરવ

ગાંધીનગરના એએસઆઈ અશોકસિંહ રાઠોડે મધ્યપ્રદેશના ભોપાલ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ જીત્યો છે. તેમની આ સિદ્ધિ બદલ એસપી દ્વારા સન્માન કરવામાં આવ્યું છે.



# જેઠીપુરા પાસે બસની ટક્કરે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

### બાઈક પર દુધ ભરાવવા જતા હતાં ત્યારે અકસ્માત સર્જાયો : બાઈક પાછળ બેસેલા કિશોરની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક જેઠીપુરા ગામનાં પાટીયા પાસે બાઈક લઈને દુધ ભરાવવા ડબલ સવારી જઈ રહેલા યુવાનને બેફામ ગતિએ અમદાવાદ તરફથી આવી રહેલી એસ.ટી. બસના ચાલકે જબરદસ્ત ટકકર મારતા બાઈકચાલક ૧૯ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ બનાવમાં બાઈક પાછળ બેસેલા ૧૪ વર્ષના કિશોરની હાલત હજુ ગંભીર છે. ડભોડા પોલીસે એસ.ટી. બસના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર તાલુકાના સીતપુર ખોડિયાગરનગર વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય યુવાન સેંધાજી ઉર્ફે નવઘણજી ઠાકોર આજે સવારે સવા સાત વાગ્યાના અરસામાં તેનું બાઈક લઈને દુધ ભરાવવા માટે નિકળ્યો હતો. તેના બાઈક પાછળ ૧૪ વર્ષીય આશીકજી ઠાકોર બેઠો હતો. બાઈક પર બંને જેઠીપુરા પાટીયા પાસે પવન ગેસ્ટ હાઉસ સામે પહોંચ્યા ત્યાં સડસડાટ આવી રહેલી એસ.ટી. બસ નં. જીજે ૧૮ વાય. ૫૧૦૩ના ડ્રાઈવરે બાઈકને અડફેટે લઈ લીધું હતું. બસની અડફેટને કારણે બાઈક ફંગોળાઈને રસ્તા પર ઢસડાયું હતું અને બંને બાઈક સવારો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેમાં બાઈક ચાલક સેંધાજીનું સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું જયારે આશીકજીને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ અમૃતજી ધુળાજી ઠાકોરની ફરિયાદને આધારે બસ ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

### પહેલુ નોરતુ

| કેટેગરી | બોય | ગર્લ |
| --- | --- | --- |
| બેસ્ટ ચાઈલ્ડ - વિનર | જૈવલ ભટ્ટ | નેયા પટેલ |
| (૭ વર્ષ સુધીના) રનર્સ અપ | જૈનમ રાવલ | હેની પટેલ |
| બેસ્ટ કીડ - વિનર- | રમ્ય વાધાણી | શર્વી વ્યાસ |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | શીવ પટેલ | કાવ્યા ભટ્ટ |
| બેસ્ટ ટીનેજર - વિનર | સની પ્રિયદર્શી | કથા સુથાર |
| (૧૩ થી ૧૭ વર્ષ) - રનર્સ અપ | મનન ભટ્ટ | ધ્વની ભાવસાર |
| બેસ્ટ ડ્રેસ - વિનર | કુણાલ શાહ | લીપી ત્રિવેદી |
| રનર્સ અપ | અભિજીત ચારણ્યા | કોમલબા ઝાલા |
| બેસ્ટ કિંગ/કવીન - વિનર | પુનિત ઝાટકીયા | નિલીમા ભટ્ટ |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | હિતાર્થ વસાવડા | વિધી વસાવડા |
| બેસ્ટ પેર - વિનર | મનદિપસિંહ વાઘેલા | ધીરજ પરમાર |
| રનર્સ અપ | મંથન રાવલ | દક્ષા હડીયલ |
| બેસ્ટ પરફોર્મન્સ - વિનર | નિર્મલ શ્રીમાળી | ઈશાની જોષી |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સ અપ | જયદિપ પટેલ | માનસી પટેલ |

## દવાઓના ઓનલાઈન વિતરણના વિરોધમાં નગરના તમામ મેડીકલ સ્ટોર્સ બંધ રહ્યા

ઓલ ઈન્ડીયા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશન દ્વારા દેશભરમાં દવાઓના ઓનલાઈન વિતરણ અંગે વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત કરાયેલા એલાનના પગલે ગાંધીનગરના તમામ ફાર્માસીસ્ટ દ્વારા હડતાલ પાડવામાં આવી હતી. આ કારણે શહેરના તમામ મેડીકલ સ્ટોર્સ બંધ રહ્યા હતા.

દવાઓના ઓનલાઈન વેચાણ પ્રારંભ થવાથી રીટેઈલ ઉદ્યોગને ફટકો પડવાની શક્યતાઓ ઉપરાંત લાઈફ સેવિંગ દવાઓનું પણ ઓનલાઈન વિતરણ કરવાના વિરોધમાં નગરના ફાર્માસીસ્ટ તથા મેડીકલ સ્ટોર્સ દ્વારા હડતાલ પાડવામાં આવી હતી. આ હડતાલના પગલે નગરના તમામ મેડીકલ સ્ટોર્સ બંધ રહેતા દર્દીઓને દવાઓ મેળવવી મુશ્કેલ બની હતી. આ હડતાલ માટે ઓલ ઈન્ડીયા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિએશન દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન કરવામાં આવ્યું હતું. જેને ગાંધીનગરના ફાર્માસીસ્ટે અનુમોદન આપતા હડતાલમાં જોડાયા હતા.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સભ્ય ડૉ. લતા મહંતોએ ગાંધીનગરની મુલાકાત લીધી

**સેક્ટર-૨૫માં ગટર સફાઈ કામદાર કાનાભાઈનું થોડા દિવસ અગાઉ ગુંગળામણથી મોત થયું હતુ : ડૉ. લતા મહંતોએ બન્ને મૃતકના પરિવારજનોની મુલાકાત લઈ સરકારી સહાય અપાવવાનું આશ્વાસન આપ્યું હતુ**

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સભ્ય ડૉ. લતા ઓમપ્રકાશ મહંતોએ તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની મુલાકાત લીધી હતી અને સફાઈ કામગીરી દરમ્યાન મોતનો કોળીયો બની ગયેલા બન્ને સફાઈ કર્મીના પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી.

ગાંધીનગર શહેરના સે. ૨૫ હિલવુડઝ સ્કૂલની પાસે થોડા દિવસ અગાઉ ગટર સફાઈ કરવા ગટરમાં ઉતરેલા સફાઈ કર્મી કાનાભાઈ ડાહ્યાભાઈ બારૈયાનું ગુંગળામણથી ગટરમાં જ મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય કોન્ટ્રાકટરનું પણ બચાવ કામગીરીમાં ગુંગળાઈને મોત નિપજ્યું હતું. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના સભ્ય ડૉ. લતા ઓમપ્રકાશ મહંતોએ ગાંધીનગરમાં આવી વહીવટી તંત્ર સાથે બનાવ સ્થળની મુલાકાત લીધી હતી. ઉપરાંત ડૉ. લતા મહંતોએ બન્ને મૃતકના કુટુંબીજનોની પણ મુલાકાત લઈ સત્વરે વિમા યોજનાની સહાય તેમજ અન્ય સહાય અપાવવાનું આશ્વાસન આપ્યું હતું. મુલાકાત દરમ્યાન ડૉ. લતા મહંતોએ સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરી યોજનાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ મુલાકાતમાં જિલ્લા પોલીસ અધિક્ષક, મનપાના કમિશ્નર પ્રાંત અધિકારી, નાયબ નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ), જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક (એસસી-એસટી સેલ), મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.





















**નોરતાનો ઉલ્લાસ** - ગરબા ખેલૈયાઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા એ નવરાત્રિ પર્વના આરંભે જ મન મૂકીને નાચ્યા હતા. ગરબા પ્રેમીઓમાં આ વર્ષે અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. અવનવા ડ્રેસીસ, ઓર્નામેન્ટ્સ તથા અવનવા સ્ટેપ્સ અને આગોતરા આયોજનની સાથે ગરબા ખેલૈયાઓ ગરબા ગ્રાઉન્ડમાં રમતો જોવા મળ્યા હતા. આ ખેલૈયાઓને ગરબા રમતા નિહાળવા એ પણ એક લ્હાવો છે... જેમ જેમ નવરાત્રિનો માહોલ જામતો જાય છે તેમ તેમ ગરબા ખેલૈયાઓમાં ઉત્સાહ વધતો જાય છે...

(તસવીર : હિરેન ભટ્ટ, દિપક જાની)